# પર્યાવરણ મિત્ર

## શું વૈશ્વિક બંધનકર્તા સંધિ પ્લાસ્ટિક પ્રદૂષણના પ્રશ્નને નાથી શકશે?

એક તરફ યુનાઈટેડ નેશન્સ પ્લાસ્ટિક ટ્રીટીને લીગલી બાઈન્ડીંગ કરવા તલપાપડ છે. INC તરીકે ઓળખાતી બેઠકોને અંતે વર્ષ 2024ના અંત સુધીમાં પ્લાસ્ટિક ટ્રીટી થઈ જશે તેવી શ્રદ્ધા યુનાઈટેડ નેશન્સને છે. માર્ચ 2022માં ઈન્ટરગવર્નમેન્ટલ નેગોશિએશન કમિટીની રચના થઈ ચૂકી છે. 22 એપ્રિલથી કેનેડામાં INC-4 ની બેઠક મળવાની છે ત્યારે વિવિધ દેશો અને વિવિધ ગ્રુપો દ્વારા તરફેણમાં અને વિરુધ્ધમાં ધમાસણ લોબિંગ ચાલી રહ્યું છે.

પ્લાસ્ટિક પ્રોડક્શન અને પ્લાસ્ટિક પોલ્યુશન ઘટાડવા માટે લીગલી બાઈન્ડીંગ માટેની કસરત પૂરજોશમાં ચાલી રહી છે. તેલ ઉત્પન્ન કરતા દેશોની બાય પ્રોડક્ટસમાંથી પ્લાસ્ટિક બને છે. એટલે તેલિયા દેશો પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટાડવામાં માનતા નથી. ભારત, રશિયા, ગલ્ફ દેશો સહિતના દેશો પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટાડવામાં માનતા નથી. આ દેશો માને છે કે પ્લાસ્ટિકનો નિકાલ યોગ્ય રીતે થાય તો પ્લાસ્ટિક અંગેની ચિંતા કરવા જેવું નથી. પ્લાસ્ટિક પોલ્યુશન કેવી રીતે ઘટે તે અંગે ટેકનોલોજી જોઈએ - પ્લાસ્ટિક રિયુઝ, રીસાયકલ, થાય તે તરફ વિચારવું જોઈએ.નકામા પ્લાસ્ટિકને લાવીને તેમાંથી વીજળી ઉત્પન્ન કરવા અંગે પણ વિચારવું જોઈએ જેથી લાકડું, કોલસો કે ગેસનો


| જાન્યુઆરી – ફેબ્રુઆરી 2024 | | અંક 307 – 308 |
|---|---|---|
| સંપાદન<br>મહેશ પંડયા | | સંપાદકીય માર્ગદર્શન<br>ફાલ્ગુની જોષી |

ફક્ત ખાનગી વિતરણ અને શૈક્ષિણક હેતુ માટે જ (અનિયતકાલીન)

વપરાશ ઘટાડી શકાય. અલબત્ત કેનેડા અને યુરોપિયન યુનિયન પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટાડાને ભાર આપી રહ્યા છે.

નાના રાજ્યોના સમૂહો પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટાડવા ઉપર ભાર મૂકે છે. સમુદ્રતટ પર પ્લાસ્ટિકનો કચરો વધ્યો છે. સમુદ્રમાં પ્લાસ્ટિકનો કચરો વધ્યો છે. નેપાળ જેવા દેશો એમ કહે છે કે માત્ર દરિયાઈ પ્લાસ્ટિક પ્રદૂષણને જ કેમ અગ્રતા આપવામાં આવે છે? પહાડીય પ્રદેશોમાં પણ પ્લાસ્ટિકે હાહાકાર મચાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ સમક્ષ પહાડી દેશોએ દરિયાની સાથે પહાડોને પણ ટ્રીટીમાં મહત્વ આપવા રજૂઆતો કરી છે.

કેટલાક દેશો અને સંસ્થાઓ માને છે કે પ્લાસ્ટિક પ્રોડક્શનમાં જે રસાયણિક તત્વો વપરાય છે તે અત્યંત ઝેરી છે. એટલેકે, ઝેરી રસાયણિક તત્વો પ્લાસ્ટિક પ્રોડક્શનમાં ના વપરાય તેવી જોગવાઈ પણ ટ્રીટીમાં થવી જોઈએ. કેટલીક સંસ્થાઓ સ્પષ્ટ પણ માને છે કે રીસાઈકલ કે રિયુઝ જયારે કરવામાં આવે છે ત્યારે ઝેરી કેમિકલ્સને લીધે પર્યાવરણ તેમજ જીવસૃષ્ટિ સામે ખતરો પેદા થાય છે. એટલેકે, ઝેરી રસાયણો મુક્ત પ્લાસ્ટિક પર બાન મૂકવો જોઈએ તેવી માંગણી IPEN (International Pollutants Elimination Network) દ્વારા કરવામાં આવી છે. IPEN એ જાહેર હિત માટે કાર્યરત સંસ્થાઓનું વૈશ્વિક નેટવર્ક છે જે માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન પહોંચાડે તેવી રીતે જોખમી પદાર્થોનું ઉત્પાદન, ઉપયોગ અથવા નિકાલ કરવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે જનજાગૃતિ વધારવાનું અને રાસાયણિક નીતિઓમાં સુધારો સૂચવવા સક્રિય છે.

વૈશ્વિક સ્તરે કાર્યરત એક અન્ય નેટવર્ક GAIA માને છે કે પ્લાસ્ટિકના કચરાને ઇન્સીનીરેટ ના કરવું જોઈએ. પ્લાસ્ટિકમાં રહેલ સંયોજનને લીધે પ્લાસ્ટિક સળગાવતા તેનું વિઘટન થવાથી ઝેરી ગેસ ઉત્પન્ન થાય છે જે પર્યાવરણને નુકસાન કરે છે. એટલેકે, GAIAની સ્પષ્ટ માંગણી છે કે પ્લાસ્ટિક પ્રોડક્શનમાં જ ઘટાડો થવો જોઈએ.

તાજેતરમાં ગુજરાતમાં ગુજરાતની નામદાર વડી અદાલતના ચૂકાદાને પગલે ભવનાથના મેળામાં પ્લાસ્ટિક પર બાન મૂકવામાં આવ્યો હતો. ભારત સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર બાન તો મૂક્યો છે પરંતુ તેનું નહિવત પાલન થાય છે. પ્લાસ્ટિક પ્રોડક્શન કરતી અને પ્લાસ્ટિક વેચતી કંપનીઓની EPR (Extended Producer Response) ભારત સરકારે બનાવેલ નિયમોમાં સામેલ છે. પરંતુ, EPR કેવી રીતે લેવાય છે અને કોણ - ક્યાં વાપરે છે તે અપારદર્શી પ્રક્રિયા છે. ભારતમાં પ્લાસ્ટિક રૂલ્સ હોવા છતાં પ્લાસ્ટિકના કચરાના નિકાલની વ્યવસ્થાપન સિસ્ટમ બરાબર નથી.

પર્યાવરણ મિત્ર સંસ્થા સ્પષ્ટપણે માને છે કે ઝેરી-જોખમી રસાયણ યુક્ત પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટવું જ જોઈએ. પ્લાસ્ટિક પ્રદૂષણ તેની આડઅસરો સિવાય રોકી શકાય તેવી ટેકનોલોજીના વિકલ્પ અંગે વિચારવું જોઈએ.

મહેશ પંડયા

| ક્રમ | અનુક્રમણિકા | પાના નં |
| --- | --- | --- |
| 1 | શું વૈશ્વિક બંધનકર્તા સંધિ પ્લાસ્ટિક પ્રદૂષણના પ્રશ્નને નાથી શકશે? | 1 |
| 2. | પર્યાવરણીય લોક્સુનાવણીમાં સ્થાનિક લોકોની જાગૃતિ અને ભાગીદારી - CRZ 2019 હેઠળ કોસ્ટલ ઝૉન મેનેજમેન્ટ પ્લાન અંગેની લોકસુનાવણીનું આયોજન | 4 |
| 3 | અમદાવાદ શહેરને ઝીરો વેસ્ટ શહેર બનાવવા આપણે શું કરીએ ? Roadmap to Zero Waste Ahmedabad - Current situation and Way ahead | 9 |
| 4 | ગ્રીન કેટાલિસ્ટ પ્રવૃતિઓ - યુવામિત્રોની પર્યાવરણ બચાવવાની કામગીરી | 10 |
| 5 | ઘનકચરાના નિકાલ પાછળ કરોડોનો ખર્ચ કરવા છતા આપણે લક્ષ્યથી ઘણા પાછળ | 12 |
| 6 | ગુજરાતની સાંપ્રત પર્યાવરણીય પરિસ્થિતિ - પુસ્તક પરિચય | 14 |
| 7 | મૌસમ પરિવર્તન અને આપણે | 15 |




ગ્રીન કેટાલિસ્ટ વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષા માટે પહેલ કરવા સક્ષમ બનાવતી પર્યાવરણમિત્રની પહેલ છે, તેમાં જોડાવવા માટે સંપર્ક

thegreencatalyst.pm@gmail.com

**Follow us on Instagram :**
**green_catalyst.pm**

## પર્યાવરણીય લોક્સુનાવણીમાં સ્થાનિક લોકોની જાગૃતિ અને ભાગીદારી

### CRZ 2019 હેઠળ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન અંગેની લોકસુનાવણીનું આયોજન

જ્યારે લાંબા સમય માટે અને દરિયાઈ વિસ્તારને ધ્યાનમાં રાખીને આયોજન થઇ રહ્યું હોય ત્યારે લાગતા-વળગતા તમામ લોકો પોતાના અભિપ્રાય, સૂચનો રજૂ કરે અને આ માટે ડ્રાફ્ટ અહેવાલ, વિગતો, માહિતી જાણવા સમજવા જરૂરી પુરતો સમય મળવો જોઈએ જેથી પોતાની યોગ્ય રજૂઆત કરી શકે. પર્યાવરણીય નિર્ણય પ્રક્રિયામાં લોકોની સહભાગિતા રહે તે ખૂબ જરૂરી છે.

ડ્રાફ્ટ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન અંગે વિવિધ જિલ્લાઓમાં યોજાયેલ લોકસુનાવણી દરમિયાન સ્થાનિક જાગૃત નાગરિકો, માછીમારો અને અન્ય નિસ્બતધારકો દ્વારા થયેલ રજૂઆતોનું સંકલન અત્રે પ્રકાશિત કર્યું છે. જિલ્લા કલેકટર, ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ગુજરાત ઇકોલોજી કમિશનને વિવિધ જિલ્લાઓમાંથી આ રજૂઆતો કરવામાં આવી હતી.

1. સીઆરઝેડ નોટિફિકેશન 2011 મુજબ, કાચા સીઝેડએમપીમાં બતાવેલ સીઆરઝેડ૧એ-ઇકોલોજિકલ સેન્સિટિવ એરિયા- ઇએસએ માટે વિવિધ કેટેગરી ધરાવતી હતી. અગાઉના ડ્રાફ્ટમાં વિવિધ રંગો અને કેટેગરીઝ હતી જે અંતિમ પાકા સીઝેડએમપીમાં લીલા રંગ તરીકે બતાવાયેલ હતી. સીઆરઝેડ ૨૦૧૯ જાહેરનામા હેઠળ તૈયાર કરવામાં આવેલા આ હયાત કાચા સીઝેડએમપીમાં આવી કોઈ કેટેગરી બતાવવામાં આવી નથી.
   અગાઉના કાચા સીઝેડએમપી ૨૦૧૧ નકશાની જેમ હાલમાં પણ કાચા ૨૦૧૯ ના સીઝેડએમપી નક્શાઓ પ્રકાશિત કરવાની વિનંતી કરી છે જે ઇ.એસ.એ. વચ્ચેનો તફાવત અને તેની સાચી સ્થિતિ બતાવે છે. જે સીઆરઝેડ અધિનિયમ હેઠળ જરૂરી છે અને તેનું વર્ગીકરણ કરવાની રીત ૨૦૧૯ના સીઆરઝેડ જાહેરનામામાં સ્પષ્ટ રીતે બતાવેલ છે.
2. અગાઉના કાચા અને પાકા ૨૦૧૧ સીઝેડએમપીની સરખામણીએ હાલમાં વેબ સાઇટ પર જાહેર કરવામાં આવેલ કાચા સીઝેડએમપી ૨૦૧૯ ની ગુણવતા અને પીડીએફ ફાઇલ સાઇઝ ખૂબ નાની છે.  જે ઝુમ કરતાં અંતિમ તબક્કે ફેલાઈ જાય છે. જેથી નક્શાઓ સારી રીતે વાંચી અને સર્વે નંબર પર દેખાય તે રીતના મૂકવા જોઈએ.
3. ડીસીઝેડએમપીમાં દર્શાવવામાં આવેલા જૈવિક રીતે સક્રિય કાદવ - ઇએસએ છે અને સીઆરઝેડ-2019- પરિશિષ્ટ-1 મુજબ પોઇન્ટ 1-(ii) અને 1.9 – iv-(b) છે. પરામર્શ દરમિયાન જૈવિક રીતે સક્રિય કાદવના વિસ્તારોની કોઈ વ્યવસ્થાપન યોજના પૂરી

પાડવામાં આવી નથી, તેથી આ વિસ્તારો માટેના નકશાની સાથે મેનેજમેન્ટ પ્લાન પૂરો પાડવો જોઈએ.

4. સ્થાનિક સમુદાય અને ડીસીઝેડએમપી ૨૦૧૧ અંતર્ગત થયેલ પરામર્શમાં લોકો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને જીસીઝેડએમએ અને સીઝેડએમપી બનાવનાર એજન્સીઓ અને ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા ધ્યાને લીધેલ નહોતા કે કોઈ સંતોષકારક લેખિત જવાબ આપવામાં આવ્યો હતો. જેથી આ બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવા અને અગાઉના જવાબો સાથે હાલના લોક પરામર્શમાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓ માંગણીઓ પર પણ કરેલ કાર્યવાહી, સુધારાઓ અને તે પરત્વે લેખિત જવાબો જે તે રજૂઆતકર્તાને આપવા માંગણી છે. અને તેને વેબસાઇટ પર પણ પ્રદર્શિત કરવા માંગણી છે.
5. જિલ્લાના આ ડ્રાફ્ટ સીઝેડએમપી પર અગાઉ મંજૂર થયેલ કાયદેસરના તમામ માળખા, પ્રોજેક્ટ્સ, જેટટી, પોર્ટ, પાઇપલાઇન, સબ સી પાઇપલાઇન, ટ્રાન્સમિશન લાઇન, રોડ રસ્તા, પુલ, વગેરે કે જેને જીસીઝેડએમએ/એમઓઇએફસીસી દ્વારા અપાયેલ ઔપચારિક સીઆરઝેડની મંજૂરી સાથે મંજૂર કરાયેલા છે તે વિસ્તારોને ચિહ્નિત કરવામાં આવ્યા નથી. તે નહીં કરવાનું કારણ બતાવવામાં આવે અને તમામ પ્રોજેક્ટને સીઝેડએમપી પર અંકિત કરવા માગણી છે જે કાયદા અનુસાર જરૂરી છે. જો આ મંજૂર પ્રોજેક્ટ અંકિત નહીં થાય તો ભવિષ્યમાં કાયદાકીય પ્રશ્નો ઊભા થાય એમ છે. જેથી આ અંકન કરવામાં આવે.
6. ફક્ત વેબ સાઇટ પર જાહેર થયેલ નકશા અને ફક્ત કાર્યકારી સારાંશ જ આપવામાં આવેલ છે. ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી એ આખો સીઝેડએમપી પ્લાન જીપીસીબી, જીઇસી કે પોતાની વેબ સાઇટ પર જાહેર કરેલ નથી.
7. કાયદા મુજબ ૧:૪૦૦ સ્કેલ ના નક્શાઓ સ્થાનિક કક્ષાએ જાહેર કરવાના હોય છે. જે આ ૧:૨૫૦૦૦ના કાચા નક્શાઓને મંજૂરી મળ્યા પછી કેટલા સમયમાં જાહેર કરવામાં આવશે અને કયો વિભાગ આ નક્શાઓ સ્થાનિક સરકારી કચેરીઓને પૂરા પાડશે તે જણાવવામાં આવે. અત્રે નોંધવું પડશે કે કયારે ૧:૪૦૦૦ ના નક્શાઓ અગાઉ બનાવવામાં આવેલ નહોતા અને નકશાના અભાવે લોકોએ હાડમારીનો ભોગ બનવું પડેલ છે. સ્થાનિકો લોકો, સમુદાયો, સરકારી વિભાગો, ઉધોગો અને વિકાસકારો પણ ખૂબ વધુ ખર્ચ કરવા પર મજબૂર બનેલ છે. નકશાની ઉપલબ્ધતા ના હોવાના કારણે ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી સામે કેટલાય કેસો પણ થયેલ છે.

   આ પરિસ્થિતિ ગૂંચવાડાની સ્થિતિ ઊભી કરે છે. સર્વે નંબર સાથેના ઓછા સ્કેલના નક્શાઓ માટે વારે ઘડીએ નિષ્ણાંત ઍજન્સી પાસે લાખોનો ખર્ચ કરી નક્શાઓ બનાવવા પડે છે. તે

ખૂબ ખોટું કહેવાય. જેથી માંગણી છે કે આ પ્લાન કેન્દ્ર દ્વારા મંજૂર થયેથી ૩ મહિનાની મર્યાદામાં ૧:૪૦૦૦ સ્કેલના નક્શાઓ બનાવી તે તમામ નક્શાઓ જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા કક્ષાની સીઆરઝેડ સમિતિને આપવામાં આવે. સાથે જ અધિનિયમમાં બતાવ્યા મુજબ વેબ સાઇટ પર જાહેર કરવામાં આવે. જેથી કિનારાનો સાતત્યપૂર્ણ વિકાસ થાય અને કાંઠા વિસ્તારમાં પર્યાવરણ સંરક્ષણ યોજનાઓ લાગુ કરી શકાય.

8. જિલ્લાના દરિયાકાંઠામાં આવેલ કોસ્ટલ વર્કિંગ સર્કલ હેઠળના રિઝર્વ ફોરેસ્ટને સીઆરઝેડ1એ- ઇએસએ તરીકે ચિહ્નિત કરવામાં આવ્યા નથી. જે અગાઉના પ્લાનમાં પણ સમાયેલ નહોતા. જેથી આ પ્લાનમાં તમામ વનનો સમાવેશ કરવા માંગણી છે.
9. જિલ્લામાં ખાડીઓના વિસ્તારોમાં હાજર કોઈ મીઠાની કળણવાળી જમીન બતાવવામાં આવી નથી કે જેનો ઉપયોગ કળણવાળી ઘાસની જમીન તરીકે કરવામાં આવી રહ્યો છે. વિવિધ ખાડી વિસ્તારના સ્થળોએ ઘાસના મેદાનો છે તેને સોલ્ટ માર્શ તરીકે ડીસીઝેડએમપીમાં સમાવવાની જરૂર છે. સોલ્ટ માર્શને સીઆરઝેડ ૧ એ તરીકે ચિહ્નિત કરવામાં આવે. જેને સીઆરઝેડ ૧ બી તરીકે ખોટી રીતે ચિહ્નિત કરેલ છે. જેના પર મોટું પશુધન નભે છે અને જેનો વપરાશ સ્થાનિક સમુદાયો કરી રહ્યા છે. જે સુધારો કરવા માંગ છે.
10. દરિયા કિનારે કે ખાડીમાં જે મેનગૃવનો નાશ થઈ ગયેલ છે તેના પર આ નકશા મેનગૃવ બતાવે છે તે બાબતને કાયદેસર રીતે પ્લાનમાં બતાવી તે અનુરૂપ તમામ દબાણ દૂર કરી પર્યાવરણ નુકસાન ભરપાઈ કરવાની જરૂર છે. દરિયા કિનારે કે ખાડીમાં અન્ય સ્થળોએ વધી રહેલા મેનગૃવ વિસ્તારોને આ પ્લાનમાં ચિહ્નિત નહીં કરવાનું કારણ જણાવવામાં આવે. ૨૦૧૮ પછી ઉછરેલ અને વધેલ તમામ મેનગૃવને ચિહ્નિત કરવામાં આવે અને તેને રક્ષણ પૂરું પાડવામાં આવે.
11. જિલ્લામાં દરિયા કિનારે કે ખાડી કિનારે ફિશરીઝ વિભાગ દ્વારા નોંધાયેલ કે નહીં નોંધાયેલ પરંતુ સદીઓથી પરંપરાગત રીતે બોટ પાર્કિંગ એરિયા કે જ્યાં હાલમાં બોટ મૂકવામાં-બાંધવામાં આવે છે તે તમામ વિસ્તારો બતાવવા જોઈએ. ખાસ કરીને જે સ્થળો પર બોટ પાર્ક થાય છે તે વિસ્તારો ચિહ્નિત કરવા માંગણીઓ છે. સાથે ફિશરીઝ વિભાગની તમામ જૂની જેટટીઓ કે નેટ મેંનડિંગ શેડ, કોલ્ડ સ્ટોરેજ, ઓક્શન હાઉસ વિગેરે સ્થળો ફરજિયાત પણે ચિહ્નિત કરવા માંગ છે.
12. દરિયા કિનારે માછીમારો ૮ મહિના માછીમારી કરી જીવન નિર્વાહ કરે છે અને ચોમાસામાં કિનારો છોડી ગામમાં ઘરોમાં રહે છે. આવા તમામ કેન્દ્રો કે જ્યાં માછીમારો ૮ મહિના

વસવાટ કરે છે તેવા તમામ સ્થળો કે જેને ગ્રામ પંચાયત કે ફિશરીઝ વિભાગના રેકર્ડ પર નથી લેવામાં આવ્યા તે તમામ માછીમાર લોકોના આજીવિકા રળવાના સ્થળોને આ પ્લાનમાં સમાવેશ કરવો જરૂરી છે. અને આ અધિનિયમમાં તેવી વસાહતો ચિહ્નિત કરવી જરૂરી હોય તે તમામ સ્થળોની નોંધ કરવા વિનંતી છે.

13. અગાઉના ૨૦૧૮ વર્ષમાં સીઆરઝેડ ૨૦૧૧ અન્વયે પ્લાન માં લેખિત વાંધા બાબતે કોઈ કાર્યવાહી નહીં થવાથી તે વાંધાઓનું ફરીથી આ પ્લાનમાં પુરાવર્તન થયેલ છે. જેની ખાસ નોંધ લઈ સુધારાઓ કરવા માંગણી છે.
14. ગેર કાયદેસર રીતે બનેલ પાળાને હાઇ ટાઈડ ગણી લઈ અગાઉ બનેલ પ્લાન જેમનો તેમ જ રાખવા સામે વાંધો છે. ૧૯૯૧ ના સીઆરઝેડ નક્શાઓ -૨૦૧૧ અને ૨૦૧૯ મુજબના પ્લાન સાથે મેળ ખાતા નથી. જે બાબતે ધ્યાન આપવાની જરૂર છે.
15. કોસ્ટલ ઇમરજન્સી શેલ્ટરબેલ્ટ્સ, જાહેર સ્થળો, શાળાઓ હોસ્પિટલો અને મંજૂર રોડ સીઝેડએમપી પર ચિહ્નિત થયેલ નથી. જે સીઝેડએમપી પર ચિહ્નિત કરવા જરૂરી છે.

વધુમાં, **CZMP** નોટિફિકેશન ના **ANNEXURE –IV - GUIDELINES FOR PREPARATION OF COASTAL ZONE MANAGEMENT PLANS** માં પેરા 6. **Public consultations on CZMP** ના પેટા પેરા **(i)** માં કહેવાયું છે કે, તૈયાર કરાયેલા ડ્રાફ્ટ **CZMP**ને વ્યાપક પ્રસિદ્ધિ આપવામાં આવશે અને પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, 1986 અનુસાર પ્રાપ્ત સૂચનો અને વાંધાઓ મેળવવામાં આવશે. એકથી વધુ જિલ્લાઓમાંથી રજૂઆત મળી કે સ્થાનિક સ્તરે વ્યાપક પ્રસિદ્ધિ થઇ નથી અને સ્થાનિક કચેરીઓએ નકશા પણ આપવામાં આવ્યા નથી. અખબારમાં જાહેર ખબર આપ્યાના ૧૦ દિવસ કરતા વધારે દિવસો પસાર થઇ ગયા પછી સત્તાવાર વેબસાઈટ પર વિગતો અપલોડ કરવામાં આવી તથા જીલ્લા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ સારાંશની ટૂંકી વિગત આપવામાં આવી. સુનાવણીની પ્રસિદ્ધિ ન થઇ અને પૂરતો સમય આપ્યો ન હોવાથી CZMP અંગેની વિગતો સમજી શકાઈ નથી જેથી વિવિધ જિલ્લામાં યોજાયેલ લોકસુનાવણીમાં માંગણી કરાઈ કે નોટિફિકેશનનો આદર થાય અને ન્યાયના હિતમાં કાર્યવાહી થાય તે માટે આ લોક-સુનાવણી રદ કરવી જોઈએ અને નકશા સહિતની પૂરી વિગતો સાથે સમજવાનો પૂરતો સમય આપી ફરીવાર લોક-સુનાવણી યોજવામાં આવે.


પર્યાવરણીય બાબતોમાં લોકભાગીદારી વધે તે ખૂબ જરૂરી છે, આ સંજોગોમાં દરિયાઈ વિસ્તારોમાં યોગ્ય વ્યવસ્થાપન માટેની આ પ્રક્રિયામાં ગુજરાતનાં વિવિધ દરિયાઈ જિલ્લાઓમાં લોકો જાગૃત રીતે આ લોકસુનાવણીઓમાં સહભાગી બન્યા અને રજૂઆતો કરી તે વધી રહેલી પર્યાવરણીય જાગૃતિ દર્શાવે છે.

## CRZ 2019 હેઠળ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન અંગેની લોકસુનાવણીની યાદી

| પ્રોજેક્ટનું નામ | લોકસુનાવણીનું સ્થળ | તારીખ-સમય |
|---|---|---|
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Bhavnagar | At annapurna Padmavati Hall (Doctor Hall), Indian Medical Association, Diamond Chowk, Beside Mahila College Circle, Bhavnagar. | 05/03/2024 10:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Amreli | At Conference Hall, Dy. Collector and Sub-Divisional Magistrate Office, New Prant Office, Hindorana Bypass Road, Rajula - 365560, Ta. Rajula, Dist. Amreli. | 01/03/2024 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Kutch | Venue: Town Hall, Beside Collector Office, Bhuj, Dist. Kutch. | 27/02/2024 15:30:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Jamnagar | Venue: Gujarat Chamber of Commerce, Vanijya Bhavan, Jamnagar - Rajkot Highway, Near Subhash Bridge, Ta. Jamnagar, Dist. jamnagar. | 08/02/2024 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Gir Somnath | Venue: Community Hall Ganga Nagar, Dahhor Road, Veraval, Dist. Gir Somnath. | 07/02/2024 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Junagadh | Venue: Somnath Bhavan, Kharvad, Bander Road, Mangrol, Ta. Mangrol, Dist. Junagadh. | 03/02/2024 12:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Morbi | Venue: at Tulip Banquet Hall, 2nd Floor, Sky Mall, Sanala Road, Morbi, Dist. Morbi | 01/02/2024 11:00:00 |
| Draft Coastal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Devbhumi Dwarka | Venue: Townhall, Yogeshwarnagar, Ta. Khambhaliya, Dist. Devbhumi Dwarka. | 31/01/2024 11:00:00 |
| Draft Coastal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Porbandar | At Villa Circuit House, Near Chowpati, Dist. Porbandar. | 30/01/2024 12:00:00 |
| Draft Coastal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Ahmedabad | at Conference Hall, Taluka Seva Sadan, Vill: Dholera, Ta: Dholera, Dist: Ahmedabad | 18/01/2024 12:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Bharuch | Pandit Omkarnath Kalabhavan, Near Collector Office, Bharuch. | 30/12/2023 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Navsari | Udhyog Parivar Bhavan Hall, Plot No. 18/1 Below Bank of Baroda, GIDC Kabilpore, Navsari, Dist. Navsari. | 29/12/2023 16:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Surat | Veer Narmad South Gujarat University Convention Hall, Udhana - Magdalla Road (395007), Dist. Surat. | 29/12/2023 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Valsad | VIA Auditorium Hall, VIA Char Rasta, Vapi, Dist. Valsad. | 29/12/2023 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Vadodara | Taluka Panchayat Hall, Taluka Panchayat Office, Near Mamlatdar Office, Padra, Dist. Vadodara. | 28/12/2023 11:00:00 |
| Draft Costal Zone Management Plan-2019 (CZMPs)-Dist. Anand | Baavis Gaam Levuva Patidar Samaj Ni Wadi, Press Road, Khambhat, Ta. Khambhat, Dist. Anand | 27/12/2023 11:30:00 |

# અમદાવાદ શહેરને ઝીરો વેસ્ટ શહેર બનાવવા આપણે શું કરીએ ?

**Roadmap to Zero Waste Ahmedabad - Current situation and Way ahead**








કચરા વ્યવસ્થાપન એ આજના સમયની વિકરાળ સમસ્યા બની રહી છે. પર્યાવરણમિત્ર "આંતરરાષ્ટ્રીય ઝીરો વેસ્ટ મંથ"ની ઉજવણીના ભાગ રૂપે દર વર્ષે જાન્યુઆરી માસમાં આ મુદ્દે જાગૃતિ આવે તે માટે અમદાવાદના નાગરિકો સાથે મળીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. 6 જાન્યુઆરી 2024ના રોજ પર્યાવરણમિત્ર દ્વારા ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સ (ગુજરાત ચેપ્ટર) સાથે મળીને નિસ્બતધારકો સાથે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરને વર્ષ 2031 સુધી ઝીરો વેસ્ટ સિટી બનાવવા માટેની કાર્યયોજના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ 2017માં તૈયાર કરવામાં આવી હતી. અમદાવાદ શહેરને ઝીરો વેસ્ટ શહેર બનાવવા માટે શું પ્રગતિ થઈ અને હજુ આગળ શું કરવું જોઈએ તે અંગે મુખ્ય ચર્ચા થઈ હતી.

GREEN CATALYST

Nurturing Youth for Environment Protection

An initiative by ParyavaranMitra

# ગ્રીન કેટાલિસ્ટ પ્રવૃતિઓ



જાગૃતિ કાર્યક્રમ - મિશન લાઈફ (પર્યાવરણલક્ષી જીવનશૈલી) થીમ અંતર્ગત યુવાનોમાં પર્યાવરણ અંગે સંવેદનશીલતા આવે તે માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાનો સાથે મળીને ગ્રીન કેટાલિસ્ટ ટીમ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરે છે. તારીખ 29 ફેબ્રુઆરીના રોજ અમદાવાદ નજીક આવેલી મોનાર્ક યુનિવર્સિટી દ્વારા પર્યાવરણમિત્રના પ્રતિનિધિ સુશ્રી ફાલ્ગુની જોષીને "પર્યાવરણ સુરક્ષા" વિષે પર વિદ્યાર્થીઓને સંબોધિત કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ વિદ્યાશાખાના 180 થી વધુ યુવાનો સહભાગી બન્યા હતા. પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં જોડાયા હતા.



મીડિયા વિભાગના વિદ્યાર્થીઓ સાથે વાતચીત - એલ. જે. યુનિવર્સિટીના મીડિયા વિભાગ દ્વારા પર્યાવરણમિત્ર સંસ્થાની મુલાકાત લેવામાં આવી હતી. પર્યાવરણીય બાબતોને માધ્યમોમાં કેવી રીતે રજૂ કરવી તે ઉદાહરણો સાથે ચર્ચા કરાઇ હતી.








**ગ્રીન કેટાલિસ્ટ ટીમ @ સાયન્સ  કાર્નિવલ** - ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC) દ્વારા 28મી ફેબ્રુઆરીથી 3જી ફેબ્રુઆરી દરમિયાન પાંચ દિવસીય સાયન્સ  કાર્નિવલ (વિજ્ઞાન ઉત્સવ)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રીન કેટાલિસ્ટ – પર્યાવરણમિત્ર તરફથી વિવિધ પ્રવૃતિઓ દ્વારા મુલાકાતીઓને પર્યાવરણીય બાબતો અંગે સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત, પેપર બેગની બનાવટ, કચરાનું વર્ગીકરણ, ચિત્ર સ્પર્ધા જેવી પ્રવૃતિઓમાં 200 સહભાગીઓએ ભાગ લીધો હતો. ગ્રીન કેટાલિસ્ટ પંકજ, કુંદન, સિધ્ધાર્થ, વિશાલ અને તરુણે સક્રિય રીતે પર્યાવરણીય જાગૃતિ ફેલાવવાના પ્રયાસો કર્યા હતા.

# ગુજરાતની સાંપ્રત પર્યાવરણીય પરિસ્થિતિ

## પુસ્તક પરિચય

**પર્યાવરણમિત્રના નિયામક મહેશભાઇ પંડયા લિખિત "ગુજરાતની સાંપ્રત પર્યાવરણીય પરિસ્થિતિ"ની પ્રસ્તાવના આ પુસ્તક તૈયાર કરવાનું કારણ સુપેરે રજૂ કરે છે.**




"પર્યાવરણ મિત્ર" માં 'પ' પર્યાવરણનો 'પ' નામથી લેખમાળા શરુ થઇ તેને બે ભાગમાં પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરી ત્યારબાદ 'પર્યાવરણીય કાયદાઓની સરળ સમજૂતી' અને 'દરિયાકિનારાને લગતા ઉદ્યોગોને લગતા કાયદાઓ' પુસ્તિકાઓ પ્રકાશિત કરી. પર્યાવરણ મિત્રની કામગીરીને 25 વર્ષ પૂરા થયા. સંસ્થાએ પર્યાવરણીય નીતિનિર્ધારણમાં ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો. સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રસંઘના વિવિધ ઘટકો સાથે પણ કામ કરી રહ્યા છીએ. આ બધી કામગીરી અને અનુભવોને આધારે ગુજરાતની પર્યાવરણીય પરિસ્થિતિ કેવી છે તેનું આકલન કરવું જરૂરી લાગ્યું. અહીં મહદ્અંશે ક્યાં નબળાઈ છે તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. સાથે-સાથે કેટલીક ભલામણો પણ નિર્દેશિત કરી છે. પર્યાવરણ સુરક્ષા અંગે લોક જાગૃતિ વધે અને સરકારના પ્રયાસોમાં લોકો પણ જોડાય તેવા હેતુ માત્રથી આ પુસ્તિકા પ્રગટ કરી રહ્યા છીએ.

આ પુસ્તિકામાં પ્રદૂષણ નિયંત્રણ માટે જે માળખાગત સુવિધાઓ અને વિવિધ યોજનાઓ છે તે કેટલે અંશે સફળ રહી છે. તેમજ તેને મજબૂત બનાવવા શું કરવું જોઈએ તે દર્શાવવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે. પર્યાવરણીય કાયદાઓની સમજૂતી કે પ્રદૂષણના પ્રકારો જેવી માહિતી સામાન્ય રીતે લોકો પાસે હોય જ છે. એટલે તેની ઊંડી વિગતોમાં જતા નથી. પ્રદૂષણથી શું નુકસાન થાય તે પણ લોકો અનુભવી રહ્યા છે. એટલે તે બધી વિગતો અહીં પ્રસિદ્ધ કરતા નથી. પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણીય જાળવણીમાં સરકાર અને અન્ય નિસ્બતધારકો દ્વારા થઇ રહેલા પ્રયાસોમાં રહેલી કચાશ અંગેની વાત અત્રે મૂકી રહ્યા છીએ. આ પુસ્તિકા અમે મહદ્અંશે વિધાનસભા, લોકસભામાં મૂકાયેલ માહિતી, સરકારી વેબસાઈટ, કેગ અહેવાલ, બજેટ પ્રકાશનો અને અખબારી અહેવાલોને આધારે તૈયાર કરી છે.

## ઘનકચરાના નિકાલ પાછળ કરોડોનો ખર્ચ કરવા છતા આપણે લક્ષ્યથી ઘણા પાછળ
## દિન-પ્રતિદિન ઔધોગિક પ્રદૂષણથી વધુ ખતરનાક ઘન કચરાનું પ્રદૂષણ
## કચરાના ઉભા થઈ રહેલ દૈત્યકારને કાગળ પર દૂર કરવાની કવાયત

**શૈલેન્દ્રસિંહ જાડેજા**

સરકાર દ્વારા પૂરા દેશમાં જોરશોરથી શરુ કરવામાં આવેલ "સ્વચ્છતા અભિયાન"માં નાગરિકો રંગેચંગે ઉત્સાહથી જોડાયા, સરકાર તેમજ તેમના પ્રતિનિધિઓ પણ સાવરણા લઈ કાર્યક્રમમાં સતત વ્યસ્ત હોય તેવા સમાચાર વર્તામાનપત્રોમાં સમયાંતરે દ્રશ્યમાન થાય છે લોકોમાં ખૂબજ મોટી જાગૃતતા ફેલાવવામાં આવી છે, સરકારનું આ પગલું ખૂબજ આવકારદાયક છે, "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" ના પાઠ ભણવા-ભણાવવામાં સુંદર લાગે છે પંરતુ તેને ચરિતાર્થ કરી વાસ્તવમાં ફેરવવું ભારે કઠિન છે.

સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ આ અભિયાનને દસ વર્ષ જેવો સમય થયો, આ ગાળા દરમ્યાન શાળા-કોલેજોના વિદ્યાર્થીઓથી લઈને સરકારી અને ખાનગી કંપનીઓના કર્મચારીઓ, વિવિધ ધાર્મિક સંગઠનોથી લઈને તમામ નાગરિકોને આ અભિયાનમાં જોડીને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવેલ એટલે કે સ્વચ્છતાનો સંદેશ ભારતના દરેક નાગરિકો સુધી પંહોચી ગયો. પરિણામ સ્વરુપે લોકો જાહેરમાં કચરો ફેંકતા કે જાહેરમાં ગંદકી કરતા અટકાતા  હોય તેવી પ્રતીતિ થઈ રહી છે, લોકો સ્વચ્છતા પ્રત્યે સજાગ બન્યા છે.

"શહેરો સ્માર્ટ બનાવવામાં આવ્યા" પંરતુ શહેરોમાં એવું સ્માર્ટ કલ્ચર ઘૂસ્યું છે કે કચરાની માત્રામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. "સ્વચ્છતા અભિયાન" ના મહાકાય અભિયાનમાં સ્વચ્છતાની બહુ મોટી વાતો થઈ રહી છે પંરતુ ઘરમાંથી ઉત્પન્ન થતો કચરો કેમ ઘટાડવો, કચરાને ફરી ઉપયોગમાં કેમ લેવો તેમજ દરેક ઘરથી જ સૂકો કચરો અને ભીનો કચરો અલગ કરીને એકઠો કરવાની વ્યવસ્થામાં ક્યાંક કચાશ છે. કચરાના વિકેન્દ્રીકરણના પાઠ સ્માર્ટ શહેરોના નાગરિકોને સમજાવવામાં આવતા નથી. જેને માટે નગરપાલિકા અને મહાનગરપાલિકાએ નાગરિકો સાથે મળીને નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરવા જરુરી છે. શહેરોની અંદર દૈનિક ધોરણે ભેગા થતા કચરાને એકઠો જરૂર કરવામાં આવે છે પરંતુ આ કચરાના નિકાલનું શું ? - આ અંગેની કોઈ દાખલારુપ





વ્યવસ્થા ભારતના કોઈ પણ રાજ્ય કે શહેરમાં નથી, જેમાં આપણું ગતિશીલ ગુજરાત પણ સામેલ છે.

ઘન કચરા વ્યવસ્થાપનનો કાયદો આવ્યાને 24 વર્ષ થવા આવ્યા છતા ભારતના કોઈ પણ રાજ્યમાં ઘનકચરાના સુચારુ વ્યવસ્થાપનના નક્કર પરિણામો દેખાઈ નથી રહ્યા, ઘનકચરાના અયોગ્ય વ્યવસ્થાપનને લઈ ઘનકચરાની ડમ્પીંગ સાઈટની આસપાસના વિસ્તારોમાં ગંભીર પર્યાવરણીય અને આરોગ્યલક્ષી સમસ્યાઓ તેમજ હવા-પાણી અને જમીન પ્રદૂષિત બની રહ્યાના ગંભીર બનાવો ધ્યાને આવ્યા છે. રાજ્યની મહાનગરપાલિકાઓ દ્વારા દૈનિક ધોરણે ઉત્પન્ન થતા કચરાના રેકર્ડો નિયમિત રીતે નિભાવવામાં આવતા નથી અને આ આંકડા સ્થાનિક પ્રદૂષણ બોર્ડને મોકલવામાં આવતા નથી, તેથી સચોટ આંકડો મળવો મુશ્કેલ છે. આને જ કારણે ભારતના મોટા શહેરોમાં કચરાના દૈત્યકારો ઉભા થઈ રહ્યા છે. આ એજ કચરો છે જે આપણા સૌના ઘરેથી નિકળી આ ડમ્પીંગ સાઈટ સુધી પંહોચે છે.

કચરાના વ્યવસ્થાપન અને સ્વચ્છતા અભિયાન પાછળ અબજો રુપિયાનું આંધણ થઈ રહ્યુ છે, પંરતુ હજુ પરિણામલક્ષી દ્રશ્ય અમુક વિસ્તારો-શહેરો સિવાય ક્યાંય ધ્યાને આવેલ નથી. સમસ્યા એટલી વિકરાળ બની કે મામલો નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ સુધી પહોચ્યો છે, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આકરા વલણને લઈ રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા પાસે ઘન કચરાનો યોગ્ય નિકાલ કરવા સિવાય કોઇ વિકલ્પ રહ્યો નથી અને માથે સમયમર્યાદાની તલવાર લટકી રહી છે. અમદાવાદ અને રાજકોટ મહાનગરપાલિકાઓને કચરા વ્યવસ્થાપન અંગે અદાલતે આપેલ આદેશો છતાં પ્રશ્ન સંપૂર્ણપણે ઉકેલાયો નથી.

ઘન કચરાના વ્યવસ્થાપન પાછળ દરેક મહાનગરપાલિકાએ પ્રજા પર નવા-નવા તુક્કા અજમાવી કરોડો-અબજો રૂપિયા વેડફી નાખ્યા છે નગરપાલિકા અને મહાનગરપાલિકામાં સ્થાનિક કક્ષાએ જવાબદાર કંપનીઓ સાથેની સાંઠગાંઠને લઈ મહાનગરપાલિકા દ્વારા જવાબદારો સામે પગલા લેવામાં આવતા નથી. સમસ્યાના કાયમી નિરાકરણને બદલે કરોડો અબજો રુપિયાની લેન્ડફીલ બનાવી આ ગેરકાયદેશર રીતે અનપ્રોસેસ કચરાને દાટી દેવામાં અથવા તો કેપીંગ કરી નાખવામાં આવે છે. રાજ્ય સરકારો પણ માત્ર શહેરો સાફ રાખવામાં વ્યસ્ત છે જેને લઈને ગામડાઓ કચરની સમસ્યાથી બરબાદ થઈ રહ્યા છે. ખાસ કરીને, મોટા શહેરોની આસપાસના આવી ઘન કચરાની ડમ્પીંગ સાઈટની આસપાસના ગામડાઓની સ્થિતિ ખરાબ થઈ રહી છે. ખરેખર આ સ્થળોએ સરકારે સ્વછતા અભિયાનની શરુઆત કરવાની જરુર છે, આ અભિયાન માત્ર ફોટા પૂરતું નહી પરંતુ નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન કરવામાં આવે તો નિ:શંકપણે આપણે માત્ર શહેરોને સ્માર્ટ બનાવવાના લક્ષ્યાંકને નહી પંરતુ સમગ્ર ભારતને સ્માર્ટ બનાવવાના લક્ષ્યાંકો સિધ્ધ કરી શકીએ ......

## મૌસમ પરિવર્તન અને આપણે

# ક્લાઇમેટ ચેઈન્જને ગંભીરતાથી લેવાનો સમય પાક્યો




(કાર્ટૂન ડાઉન ટુ અર્થ સામાયિકના સૌજન્યથી પ્રસિદ્ધ)

પર્યાવરણમિત્રના લેખોમાં વ્યક્ત થતા વિચારો સાથે સંપાદક મંડળ સહમત હોય તે જરૂરી નથી

ખાનગી વિતરણ અને શૈક્ષણિક હેતુ માટે પ્રકાશિત

પ્રકાશક : પર્યાવરણ મિત્ર 502 રાજ એવન્યુ, ભાઈકાકાનગર રોડ, થલતેજ ચાર રસ્તા પાસે, અમદાવાદ – 380059 ફોન - 079-48950365

**E-mail:** paryavaranmitra@yahoo.com paryavaranmitra502@gmail.com
**Website:** http://paryavaranmitra.org.in/